**<u>એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં:૨૫,અમદાવાદ.</u>**

**CC NO.** 41133-20

**PETITIONER** **GOVERNMENT OF GUJARAT**

**VS**

ACCUSED

**SECTION** 12

**<u>ઠ રા વ</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ-૧૨ મુજબનો ગુનો કરેલાનું ચાર્જશીટ તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપી વિરૂધ્ધ કરેલ છે.

(૨) આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીએ આજ રોજ અદાલતમાં કોર્ટ સમક્ષ હાજર થઈ પ્રથમ તબક્કે જ આરોપીએ ગુનો કબુલ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ હોવાનું જણાવી કોર્ટ સમક્ષ દયાની અરજ કરેલ છે. આરોપીની ગુના સંબંધી પ્લી લેતાં તેમાં પણ તેમની સામે ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

(૩) આરોપીને ગુનાની ગંભીરતા અંગે સમજાવવામાં આવ્યા, તેમછતાં આરોપી ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે. જેથી આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુનો કર્યો હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીનો પ્રથમ ગુનો હોઈ અને આરોપીને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહી કરે તેવી કોર્ટ સમક્ષ ખાતરી આપતા હોઈ આરોપીની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે નીચે મુજબ શિક્ષા કરતો હુકમ કરૂં છું.

**<u>હુ ક મ</u>**

અ. આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુનામાં દોષિત ઠરાવી દરેક આરોપીને **( અંકે રુપિયા બસો પુરા લેખે) રૂા.૨૦૦ X 3 =600** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

બ. મુદ્દામાલ રોકડ રકમ સરકારમા જમા કરાવવી. બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(Code No. GJ01124)

અમદાવાદ.
તા.૯/૧૨/૨૦૨૩